૩૨૧૬ પાકું પાન ગમે ત્યારે ખરી પડે

૩૨૧૭ પાકે પાયે કામ કરવું / વાત આવવી

૩૨૧૮ પાકો ગણતરીબાજ / ઘંટ

૩૨૧૯ પાગરણ પાથરવું

૩૨૨૦ પાઘડી આપી જગ્યા ભાડેથી લેવી

૩૨૨૧ પાઘડી ઉછાળવી

૩૨૨૨ પાઘડી ઉતારી આજીજી કકરવી

૩૨૨૩ પાઘડી પહેરાવવી

૩૨૨૪ પાઘડી ફેરવી નાખવી

૩૨૨૫ પાઘડી બંધાવવી

૩૨૨૬ પાઘડી ભેંસ ચાવી ગઈ

૩૨૨૭ પાઘડી સંભાળવી

૩૨૨૮ પાઘડીનો વળ છેડે આવે

૩૨૨૯ પાછળ ઠેલવું

૩૨૩૦ પાછળ પડી જવું

૩૨૩૧ પાછા થવું

૩૨૩૨ પાછા પગ કરવા પિયર જવું

૩૨૩૩ પાછા પડવું

૩૨૩૪ પાછી પાની કરવી

૩૨૩૫ પાટલાસાસુ

૩૨૩૬ પાટલી ફેરવવી / બદલવી

૩૨૩૭ પાટલે બેસાડી પૂજા કરવી

૩૨૩૮ પાટિયાં બેસી જવાં

૩૨૩૯ પાટુ મારીને પૈસા પેદા કરવા

૩૨૪૦ પાટે બેસવું

૩૨૪૧ પાટો બાઝવો

૩૨૪૨ પાઠ ભણાવવો

૩૨૪૩ પાઠ મળવો

૩૨૪૪ પાઠ લેવો / શીખવો

૩૨૪૫ પાડ કરવો / માનવો

૩૨૪૬ પાડા ઉપર પાણી

૩૨૪૭ પાડા મૂંડવા

૩૨૪૮ પાડાના વાંકે પખાલીને ડામ

૩૨૪૯ પાડાની જેમ પડ્યા રહેવું

૩૨૫૦ પાણી ઉતરવું / ઉતરી જવું

૩૨૫૧ પાણી ઉતારવું

૩૨૫૨ પાણી ચડવું

૩૨૫૩ પાણી ચડાવવું

૩૨૫૪ પાણી જવું

૩૨૫૫ પાણી દેખાડવું

૩૨૫૬ પાણી ને તેલ એક થાય નહિ

૩૨૫૭ પાણી પહેલા પાળ બાંધી લેવી

૩૨૫૮ પાણી પાણી કરી નાખવું / થઈ જવું

૩૨૫૯ પાણી પાવું

૩૨૬૦ પાણી પીને ઘર પૂછવું

૩૨૬૧ પાણી ફરી વળવું / ફેરવવું

૩૨૬૨ પાણી ફેરવવું

૩૨૬૩ પાણી બતાવવું

૩૨૬૪ પાણી ભરવું

૩૨૬૫ પાણી માગે ત્યાં દૂધ હાજર

૩૨૬૬ પાણી માપવું

૩૨૬૭ પાણી મૂકવું

૩૨૬૮ પાણી વલોવ્યે ઘી ન નીકળે

૩૨૬૯ પાણી વિનાનો

૩૨૭૦ પાણીચું આપવું / પરખાવવું

૩૨૭૧ પાણીદાર

૩૨૭૨ પાણીની જેમ પૈસા વાપરવા / વેરવા

૩૨૭૩ પાણીને ભાવે / મૂલે

૩૨૭૪ પાણીમાં બેસી જવું

૩૨૭૫ પાણીમાં રહીને મગર સાથે વેર ન બંધાય

૩૨૭૬ પાત્ર જોઈને જ દાન કરાય

૩૨૭૭ પાતાળમાંથી પાણી કાઢે એવો

૩૨૭૮ પાનું પડવું

૩૨૭૯ પાનો ચડવો / ચડાવવો

૩૨૮૦ પાપ છાપરે ચડીને પોકારે

૩૨૮૧ પાપ ટળવું / ધોવું / લાગવું

૩૨૮૨ પાપ ફૂટી નીકળવું

૩૨૮૩ પાપડતોડ પહેલવાન

૩૨૮૪ પાપડી ભેગી ઈયળ બફાય

૩૨૮૫ પાપના પોટલાં બાંધવા

૩૨૮૬ પાપનો ઘડો ફુટ્યા વિના ન રહે

૩૨૮૭ પાપી પેટનો સવાલ છે

૩૨૮૮ પામી જવું

૩૨૮૯ પાયાનો પથ્થર બનવું

૩૨૯૦ પાયો ચણવો / નાખવો

૩૨૯૧ પાર પડવું / પાડવું

૩૨૯૨ પાર પામવો

૩૨૯૩ પારકા છોકરાને જતિ કરવા સૌ તૈયાર હોય

૩૨૯૪ પારકી અધિયારી કરવી

૩૨૯૫ પારકી આશ સદા નિરાશ

૩૨૯૬ પારકી છટ્ઠીનો જાગતલ

૩૨૯૭ પારકી પીડા, પારકી પંચાત ન વહોરો મારા માવજીભાઈ

૩૨૯૮ પારકી મા જ કાન વિંધે

૩૨૯૯ પારકી લેખણ, પારકી શાહી, મત્તું મારે માવજીભાઈ!

૩૩૦૦ પારકી હવેલી જોઈ પોતાની ઝૂંપડી તોડી ન નખાય

૩૩૦૧ પારકે પાટલે બેસવું ને વળી ખોંખારા ખાવા

૩૩૦૨ પારકે પાદર પહોળો

૩૩૦૩ પારકે પૈસે તાગડધીન્ના / દિવાળી

૩૩૦૪ પારકે પૈસે પરમાનંદ

૩૩૦૫ પારકે બાજરે પોંક અને માવજીભાઈ પહોળા!

૩૩૦૬ પારકે ભાણે લાડુ મોટો દેખાય

૩૩૦૭ પારકો કજિયો ઉછીનો લેવો

૩૩૦૮ પારખું કરવું

૩૩૦૯ પારખું લેવું

૩૩૧૦ પારણાં કરવા

૩૩૧૧ પારણું બંધાવું

૩૩૧૨ પારાયણ કરવી

૩૩૧૩ પારાયણ માંડવી

૩૩૧૪ પારો ઊતરી જવો / ઊંચે ચડવો

૩૩૧૫ પારોઠના પગલાં ભરવાં / પીછેહઠ કરવી

૩૩૧૬ પાલવ પાથરવો

૩૩૧૭ પાળીપોષીને મોટું કરવું

૩૩૧૮ પાળેલો પોપટ

૩૩૧૯ પાશેરામાં પહેલી પૂણી

૩૩૨૦ પાસા અવળા પડવા

૩૩૨૧ પાસા પોબાર પડવા

૩૩૨૨ પાસા ફેંકવા

૩૩૨૩ પાસા સવળા પડવા

૩૩૨૪ પાસું સેવવું

૩૩૨૫ પાંખ કાપી નાખવી

૩૩૨૬ પાંખ ફૂટવી

૩૩૨૭ પાંખમાં ભરાવું

૩૩૨૮ પાંખમાં લેવું

૩૩૨૯ પાંખો આવવી

૩૩૩૦ પાંખો કાપી નાખવી

૩૩૩૧ પાંગળા બની જવું

૩૩૩૨ પાંચ આંગળીઓ સરખી હોતી નથી

૩૩૩૩ પાંચમની છઠ્ઠ ક્યારે ન થાય

૩૩૩૪ પાંચમાં પૂછાય એવો

૩૩૩૫ પાંચમી કતારિયો

૩૩૩૬ પાંચીકે રમવા જેવડી

૩૩૩૭ પાંચે આંગળીએ દેવ પૂજવા

૩૩૩૮ પાંચેય આંગળી ઘીમાં

૩૩૩૯ પાંચેય આંગળી સરખી ન હોય

૩૩૪૦ પાંચેય આંગળીએ પરમેશ્વર પૂજ્યા હશે

૩૩૪૧ પાંથી પાડવી

૩૩૪૨ પાંદડાની જેમ થર થર ધ્રૂજવું

૩૩૪૩ પાંસરુંદોર કરી નાખવું / થઈ જવું

૩૩૪૪ પિત્તો જવો / ઊછળવો

૩૩૪૫ પિયરની પાલખી કરતાં સાસરિયાની સૂળી સારી

૩૩૪૬ પિષ્ટપેષણ / પિંજણ કરવી

૩૩૪૭ પીછો કરવો

૩૩૪૮ પીછો છોડાવવો

૩૩૪૯ પીછો પકડવો

૩૩૫૦ પીઠ ઉઘાડી પડવી

૩૩૫૧ પીઠ ઢાંકવી

૩૩૫૨ પીઠ થાબડવી

૩૩૫૩ પીઠ પાછળ ઘા કરવો

૩૩૫૪ પીઠ પાછળ બોલવું

૩૩૫૫ પીઠ ફેરવવી

૩૩૫૬ પીઠ બતાવવી

૩૩૫૭ પીઠી ચોળવી

૩૩૫૮ પીળું તેટલું સોનું નહિ, ઊજળું તેટલું દૂધ નહિ

૩૩૫૯ પીળું પચરક

૩૩૬૦ પીંખી નાખવું

૩૩૬૧ પીંજણ કરવી /માં પડવું

૩૩૬૨ પુણ્ય આડે આવવું

૩૩૬૩ પુણ્ય પરવારી જવું

૩૩૬૪ પુણ્યે પાપ ઠેલાય

૩૩૬૫ પુત્રના લક્ષણ પારણામાંથી, વહુના લક્ષણ બારણામાંથી

૩૩૬૬ પુરાણ ઉખેડવું / કાઢવું / માંડવું

૩૩૬૭ પૂછતાં પૂછતાં લંકા જવાય

૩૩૬૮ પૂછતો નર પંડિત થાય

૩૩૬૯ પૂછ્યા વિના પાણી પણ ન પીએ

૩૩૭૦ પૂજો તો દેવ, નહિ તો પથ્થર

૩૩૭૧ પૂનમનો ચાંદ

૩૩૭૨ પૂર્ણાહુતિ કરવી

૩૩૭૩ પૂળો ચાંપવો / મૂકવો

૩૩૭૪ પૂંછડી પટપટાવવી

૩૩૭૫ પૂંછડું પકડ્યું તે પકડ્યું

૩૩૭૬ પૂંછડું પકડી રાખવું

૩૩૭૭ પૃથ્વી રસાતાળ જવી

૩૩૭૮ પૃથ્વીનો છેડો તે ઘર

૩૩૭૯ પેચ લડાવવા

૩૩૮૦ પેચૂટી / પેચોટી / પિચોટી ખસી જવી

૩૩૮૧ પેટ કરાવે વેઠ

૩૩૮૨ પેટ ખોલીને / પેટછૂટી વાત કરવી

૩૩૮૩ પેટ ચોળીને શૂળ ઊભું ન કરાય

૩૩૮૪ પેટ છે કે પટારો ?

૩૩૮૫ પેટ છે કે પાતાળ?

૩૩૮૬ પેટ ઠારવું

૩૩૮૭ પેટ પકડીને હસવું

૩૩૮૮ પેટ પર પાટું મારવું

૩૩૮૯ પેટ બાળવું

૩૩૯૦ પેટ મોટું રાખવું

૩૩૯૧ પેટ સાફ આવવું

૩૩૯૨ પેટછૂટી વાત કરવી

૩૩૯૩ પેટનું પાણી ન હલે

૩૩૯૪ પેટનું ભાડું ચૂકવવું

૩૩૯૫ પેટનો ખાડો પૂરવો

૩૩૯૬ પેટનો બળ્યો ગામ બાળે

૩૩૯૭ પેટપૂજા કરવી

૩૩૯૮ પેટમાં આગ ઊઠવી

૩૩૯૯ પેટમાં ક્યાં દુ:ખે છે?

૩૪૦૦ પેટમાં ઘુસી  જવું

૩૪૦૧ પેટમાં ચૂંક ઉપડવી

૩૪૦૨ પેટમાં તેલ રેડાવું

૩૪૦૩ પેટમાં ધ્રાસકો પડવો

૩૪૦૪ પેટમાં પેસી પગ પહોળા કરવા

૩૪૦૫ પેટમાં ફાળ પડવી

૩૪૦૬ પેટમાં બળવું

૩૪૦૭ પેટમાં બિલાડા બોલવાં

૩૪૦૮ પેટમાં વાત ન ટકવી

૩૪૦૯ પેટવરાણે મજૂરી કરવી

૩૪૧૦ પેટિયું રળી લેવું

૩૪૧૧ પેટે પથ્થર પાકવો

૩૪૧૨ પેટે પાટા બાંધવા

૩૪૧૩ પેરવી કરવી

૩૪૧૪ પેંગડામાં પગ ઘાલવો

૩૪૧૫ પેંગડામાં પગ નાખવો

૩૪૧૬ પેંગડામાં પગ મૂકવો

૩૪૧૭ પેંતરા રચવા

૩૪૧૮ પૈસા ઊડાવવા

૩૪૧૯ પૈસા ખોટા થવા

૩૪૨૦ પૈસા ઝાડ ઉપર ઊગતા નથી

૩૪૨૧ પૈસા તો ડાબા હાથનો મેલ છે

૩૪૨૨ પૈસા પાણીમાં જવા

૩૪૨૩ પૈસા પાણીમાં ફેંકવા

૩૪૨૪ પૈસા વધે તેમ લોભ વધે

૩૪૨૫ પૈસા વેરવા

૩૪૨૬ પૈસાના કંઈ ઝાડ નથી ઊગતાં

૩૪૨૭ પૈસાનાં ચાળા / ખેલ

૩૪૨૮ પૈસાનું પાણી કરવું / પાણીમાં જવા

૩૪૨૯ પૈસાનો ખેલ

૩૪૩૦ પૈસો પૈસાને ખેંચે

૩૪૩૧ પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ

૩૪૩૨ પોકે પોકે રડવું

૩૪૩૩ પોચકાં મૂકવાં

૩૪૩૪ પોચા પડી જવું

૩૪૩૫ પોચું ભાળી જવું

૩૪૩૬ પોત પ્રકાશવું

૩૪૩૭ પોતની શેરીમાં કૂતરો પણ સિંહ

૩૪૩૮ પોતાના પગ નીચે રેલો આવે ત્યારે જ ખબર પડે

૩૪૩૯ પોતાના પગ પર કુહાડી મારવી

૩૪૪૦ પોતાની ઘોર ખોદવી

૩૪૪૧ પોતાની જાત પર જવું / જાત બતાવવી

૩૪૪૨ પોતાની જાતને ઘસી નાખવી

૩૪૪૩ પોતાની વાત પકડી રાખવી

૩૪૪૪ પોતાનું ઘર ભરવું

૩૪૪૫ પોતાનું ઘર સાજું રાખવું

૩૪૪૬ પોતાનો કક્કો ખરો કરાવવો / ઠરાવવો

૩૪૪૭ પોતાનો રૂપિયો ખોટો હોય તે બીજાને શું કહે?

૩૪૪૮ પોતાનો વાંસો કોઈને ન દેખાય

૩૪૪૯ પોતાનો હાથ ઉપર રાખવો

૩૪૫૦ પોતાં મૂકવાં

૩૪૫૧ પોતિયાં ઢીલા થઈ જવા

૩૪૫૨ પોતિયું કાઢીને ઊભા રહેવું

૩૪૫૩ પોતું કરવું

૩૪૫૪ પોતે, જાતે, પંડે

૩૪૫૫ પોથી માંહેના રીંગણા

૩૪૫૬ પોદળામાં સાંઠો

૩૪૫૭ પોપટ થઈ જવું / બનાવી દેવો / બની જવું

૩૪૫૮ પોપટની જેમ પટ પટ બોલવું

૩૪૫૯ પોપટિયું જ્ઞાન

૩૪૬૦ પોપાબાઈનું રાજ

૩૪૬૧ પોબારા ગણી જવા

૩૪૬૨ પોર મૂઈ સાસુ ને ઓણ આવ્યા આંસુ

૩૪૬૩ પોલ કાતરવી

૩૪૬૪ પોલ ખૂલવી / છતી થવી

૩૪૬૫ પોલંપોલ ચલાવી લેવું

૩૪૬૬ પોલું હોય તે વાગે

૩૪૬૭ પોશપોશ આંસુ સારવા

## ફ

૩૪૬૮ ફઈને મૂછ ઊગે તો તેને કાકો કહેવાય

૩૪૬૯ ફક્કડ ગિરધારી

૩૪૭૦ ફજેતીનો ફાળકો

૩૪૭૧ ફજેતો કરવો

૩૪૭૨ ફટ છે તને

૩૪૭૩ ફટકા મારવા

૩૪૭૪ ફટકાબાજી કરવી

૩૪૭૫ ફટકારવું

૩૪૭૬ ફટકારી દેવું

૩૪૭૭ ફટકી જવું

૩૪૭૮ ફટકીયું મોતી

૩૪૭૯ ફટકો ખાવો / પડવો

૩૪૮૦ ફટકો મારવો / લગાવવો

૩૪૮૧ ફટકો વાગવો

૩૪૮૨ ફટફટિયું

૩૪૮૩ ફટવવું

૩૪૮૪ ફટાકડા ફોડી આઘા ખસી જવું

૩૪૮૫ ફટાકડી / ફટાકો

૩૪૮૬ ફટાણાં ગાવા

૩૪૮૭ ફટાફટ / ફટોફટ / ફડાક દઈને કામ પતાવી નાખવું

૩૪૮૮ ફટાયો કુંવર

૩૪૮૯ ફટીચર

૩૪૯૦ ફડક પેસી જવી / ફડકો પડી જવો

૩૪૯૧ ફડચામાં જવું / લઈ જવું

૩૪૯૨ ફડદું નીકળી જવું

૩૪૯૩ ફડાકા મારવા

૩૪૯૪ ફડાકીદાસ / ફડાકેબાજ

૩૪૯૫ ફણગાવવું / ફણગો ફૂટવો

૩૪૯૬ ફતંગ દેવાળિયો

૩૪૯૭ ફદિયા / ફદિયું

૩૪૯૮ ફનાફાતિયા થઈ જવું / કરી નાખવું

૩૪૯૯ ફફડવું / ફફડી ઊઠવું / ફફડાટ થવો

૩૫૦૦ ફરકવું / ફરકાવવું

૩૫૦૧ ફરતલ / ફરતારામ

૩૫૦૨ ફરફર કરવી / મૂકવી

૩૫૦૩ ફરમાસુ

૩૫૦૪ ફરવા જવું

૩૫૦૫ ફરંગટી ખાઈને પડી જવું

૩૫૦૬ ફરાર થઈ જવું

૩૫૦૭ ફરી જવું

૩૫૦૮ ફરી ફરીને

૩૫૦૯ ફરી વળવું

૩૫૧૦ ફરીથી એકડો ઘૂંટવો / એકડે એક કરવું

૩૫૧૧ ફરે તે ચરે ને બાંધ્યું ભૂખે મરે

૩૫૧૨ ફલાણું-ઢીંકણું-પૂંછડું

૩૫૧૩ ફસકી જવું / પડવું

૩૫૧૪ ફસડાઈ પડવું

૩૫૧૫ ફસાઈ જવું / પડવું / ફસામણી થવી

૩૫૧૬ ફંગોળવું / ફંગોળાઈ જવું

૩૫૧૭ ફંદો કરવો

૩૫૧૮ ફંફોસવું

૩૫૧૯ ફાકામસ્તીથી જીવવું

૩૫૨૦ ફાગ બોલવા

૩૫૨૧ ફાચર મારવી

૩૫૨૨ ફાટ પડવી

૩૫૨૩ ફાટ પડાવવી

૩૫૨૪ ફાટફાટ થવું

૩૫૨૫ ફાટફૂટ પડવી / પડાવવી

૩૫૨૬ ફાટી જવું

૩૫૨૭ ફાટી નીકળવું

૩૫૨૮ ફાટી પડ્યા

૩૫૨૯ ફાટી મુવા

૩૫૩૦ ફાટીને ધુમાડે જવું

૩૫૩૧ ફાટેલ મગજનું

૩૫૩૨ ફાડવું / ફાડી નાખવું

૩૫૩૩ ફારગતી આપવી / લખી આપવી

૩૫૩૪ ફાળ પડવી

૩૫૩૫ ફાળ ભરવી

૩૫૩૬ ફાળિયું ખંખેરી ચાલતા થવું

૩૫૩૭ ફાળો કરવો / ફાળે આવતા પૈસા આપવા

૩૫૩૮ ફાવટ આવવી

૩૫૩૯ ફાવ્યો તે વખણાય

૩૫૪૦ ફાંકો રાખવો

૩૫૪૧ ફાંકોડી / ફાંકેબાજ

૩૫૪૨ ફાંગી આંખે જોવું

૩૫૪૩ ફાંદાબાજ / ફાંદો કરવો

૩૫૪૪ ફાંદો વધારવો

૩૫૪૫ ફાંફાં મારવાં

૩૫૪૬ ફાંસ મારવી

૩૫૪૭ ફાંસલામાં લેવું

૩૫૪૮ ફિલમ ઊતારવી

૩૫૪૯ ફિશિયારી મારવી

૩૫૫૦ ફીકું ફચ

૩૫૫૧ ફીફાં ખાંડવાં

૩૫૫૨ ફીરકી ઉતારવી

૩૫૫૩ ફીરકી લેવી

૩૫૫૪ ફીંદવું

૩૫૫૫ ફુટકલિયું

૩૫૫૬ ફુટાડી દેવું

૩૫૫૭ ફુરચેફુરચા ઊડી જવા

૩૫૫૮ ફુરસદ કાઢવી / મળવી

૩૫૫૯ ફુશશશ થઈ જવું

૩૫૬૦ ફૂટડું

૩૫૬૧ ફૂટી કોડીનું / ફૂટી બદામનું

૩૫૬૨ ફૂટી બદામના ભાવે / કોડીના ભાવે

૩૫૬૩ ફૂલ ગયું ને ફોરમ રહી

૩૫૬૪ ફૂલ નહિ તો ફૂલની પાંખડી

૩૫૬૫ ફૂલગુલાબી

૩૫૬૬ ફૂલણશી

૩૫૬૭ ફૂલની માફક રાખવું

૩૫૬૮ ફૂલફટાકીયા થઈને ફરવું

૩૫૬૯ ફૂલવુંફાલવું

૩૫૭૦ ફૂલાઈને ફાળકો થઈ જવું

૩૫૭૧ ફૂંક મારવી

૩૫૭૨ ફૂંકી નાખવું / મારવું / દેવું

૩૫૭૩ ફૂંકી ફૂંકીને ડગલું દેવું / પગ મૂકવો

૩૫૭૪ ફૂંફાડો મારવો

૩૫૭૫ ફેફરાઈ જવું

૩૫૭૬ ફેર આવવા / ચડવા

૩૫૭૭ ફેર પડવો

૩૫૭૮ ફેરફૂદરડી રમવી / રમાડવી

૩૫૭૯ ફેરવી તોળવું

૩૫૮૦ ફેરા ફરવા / મારવા

૩૫૮૧ ફેરી કરવી

૩૫૮૨ ફેરો થવો

૩૫૮૩ ફેરો ફળવો

૩૫૮૪ ફેરો માથે પડવો

૩૫૮૫ ફેરો સફળ થવો

૩૫૮૬ ફેરો સફળ થવો

૩૫૮૭ ફેંકવું / ફેંકમફેંક કરવી

૩૫૮૮ ફેંટ પકડવી / મારવી

૩૫૮૯ ફેંસલો કરી નાખવો

૩૫૯૦ ફોક કરવું

૩૫૯૧ ફોગટનો ફેરો ખાવો

૩૫૯૨ ફોગટિયો માણસ

૩૫૯૩ ફોડ પાડીને વાત કરવી

૩૫૯૪ ફોડી ખાવું / લેવું

૩૫૯૫ ફોતરા ઉડાવી દેવા / કાઢી નાખવા / ઝાટકી નાખવા

૩૫૯૬ ફોદેફોદા ઊડી જવા / કાઢી નાખવા

૩૫૯૭ ફોલવું / ફોલી ખાવું

૩૫૯૮ ફોશી

૩૫૯૯ ફોસલાવવું

## બ

૩૬૦૦ બક બક કરવું

૩૬૦૧ બકરી ઈદ સૌ કરે, પણ વાઘ ઈદ કોઈ ન કરે

૩૬૦૨ બકરી બેં થઈ જવું

૩૬૦૩ બકરું કાઢતા ઊંટ પેઠું

૩૬૦૪ બકવાસ માણસ છે

૩૬૦૫ બક્ષિસ લાખની પણ હિસાબ કોડીનો

૩૬૦૬ બકી ભરવી / બચી ભરવી

૩૬૦૭ બખ્ખાં થઈ જવાં

૩૬૦૮ બખાળાં કાઢવા

૩૬૦૯ બખેડો ઊભો કરવો / મચાવવો

૩૬૧૦ બગભગત ને ઠગભગત

૩૬૧૧ બગાસું ખાતા પતાસું મળ્યું

૩૬૧૨ બઘડાટી બોલાવવી

૩૬૧૩ બટકબોલું

૩૬૧૪ બડાઈ મારવી / બડાઈખોર

૩૬૧૫ બણગા ફૂંકવા

૩૬૧૬ બત્રીસ કોઠે દીવા થવા

૩૬૧૭ બત્રીસલક્ષણો

૩૬૧૮ બથાવી પાડવું

૩૬૧૯ બદલી કામદાર

૩૬૨૦ બદલો આપવો

૩૬૨૧ બદલો લેવો

૩૬૨૨ બદલો વાળવો

૩૬૨૩ બધાં વરસ પાણીમાં ગયા

૩૬૨૪ બધી વાતે પૂરો

૩૬૨૫ બધો ભાર અંતે કન્યાની કેડ પર આવે

૩૬૨૬ બધો હિસાબ આંગળીના ટેરવે

૩૬૨૭ બનવા કાળ બની ગયું

૩૬૨૮ બનવાજોગ છે

૩૬૨૯ બનીઠનીને બહાર નીકળવું

૩૬૩૦ બફાટ કરવો / બાફી મારવું

૩૬૩૧ બબ્બે કટકા ગાળો દેવી

૩૬૩૨ બરકવું

૩૬૩૩ બરડો ખોખરો કરી નાખવો

૩૬૩૪ બરડો બેવડ વળી જવો

૩૬૩૫ બરાડા પાડવા / મારવા

૩૬૩૬ બરાબરની ટક્કર જામી!

૩૬૩૭ બલા ચોંટવી

૩૬૩૮ બલા જવી / ટળવી / ટાળવી

૩૬૩૯ બલા વહોરવી / કોટે વળગવી

૩૬૪૦ બલિદાનનો બકરો

૩૬૪૧ બલોયા પહેરવાં / પહેરાવવાં

૩૬૪૨ બળજબરી કરવી

૩૬૪૩ બળતણીયો સ્વભાવ

૩૬૪૪ બળતરા ઊપડવી

૩૬૪૫ બળતામાં ઘી હોમવું

૩૬૪૬ બળતામાં હાથ ઘાલી પછી નસીબનો વાંક કાઢવો

૩૬૪૭ બળતું ઘર કૃષ્ણાર્પણ કરવું

૩૬૪૮ બળાપો કરવો / કાઢવો

૩૬૪૯ બળિયાના બે ભાગ

૩૬૫૦ બળી મરવું

૩૬૫૧ બળીને ખાખ / ભડથું થઈ જવું

૩૬૫૨ બસ કરવું

૩૬૫૩ બહાનું આપવું / લેવું

૩૬૫૪ બહાનેબાજ

૩૬૫૫ બહુ તાણીએ તો તૂટી જાય

૩૬૫૬ બહુ રત્ના વસુંધરા

૩૬૫૭ બહુચરાજીનો ભક્ત

૩૬૫૮ બંગડી પહેરવી

૩૬૫૯ બંધ બેસતી પાઘડી પહેરી લેવી

૩૬૬૦ બંધ બેસાડી દેવું

૩૬૬૧ બંબેબંબ ચલાવવું / ચાલવા દેવું

૩૬૬૨ બ્રહ્મસંકટ ઊભું થવું

૩૬૬૩ બ્રાહ્મણ ભટ્ટ લાડુ ચટ્ટ

૩૬૬૪ બ્રાહ્મણી વંઠે તો તરકડે જાય

૩૬૬૫ બાઈ બાઈ ચારણી

૩૬૬૬ બાઈ બેસી જવી

૩૬૬૭ બાઈનાં ફૂલ બાઈને ને શોભા મારા ભાઈને

૩૬૬૮ બાઈને કોઈ લે નહિ ને ભાઈને કોઈ આપે નહિ

૩૬૬૯ બાકરી બાંધવી

૩૬૭૦ બાખડવું / બાખડી પડવું

૩૬૭૧ બાઘા થઈ જવું

૩૬૭૨ બાજ નજરે

૩૬૭૩ બાજી ખેલવી / રમવી

૩૬૭૪ બાજી ગુમાવવી

૩૬૭૫ બાજી જીતવી

૩૬૭૬ બાજી બગડવી

૩૬૭૭ બાજી મારવી

૩૬૭૮ બાજી સંકેલવી

૩૬૭૯ બાજી હાથથી જવી

૩૬૮૦ બાજી હારવી

૩૬૮૧ બાઝવું / બાટકવું / બાધવું

૩૬૮૨ બાટલીભગત

૩૬૮૩ બાડા ગામમાં બે બારશ

૩૬૮૪ બાથ ભીડવી

૩૬૮૫ બાધા છોડવી / મૂકવી

૩૬૮૬ બાધા રાખવી / લેવી

૩૬૮૭ બાન પકડવું / બાન રાખવું

૩૬૮૮ બાપ કમાઈ કે આપ કમાઈ?

૩૬૮૯ બાપ જન્મારે

૩૬૯૦ બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા

૩૬૯૧ બાપ લાખ બેટા ચાલીશ હજાર

૩૬૯૨ બાપ શેર તો દીકરો સવા શેર

૩૬૯૩ બાપના કૂવામાં બૂડી / ડૂબી ન મરાય

૩૬૯૪ બાપના પૈસે તાગડધીન્ના / તનકારા કરવા

૩૬૯૫ બાપના બોલથી

૩૬૯૬ બાપનું નામ બોળવું / રાખવું

૩૬૯૭ બાપનું વહાણ ને બેસવાની તાણ

૩૬૯૮ બાપનો માલ સમજી બેઠા છો?

૩૬૯૯ બાપનો લાડવો દાટ્યો છે?

૩૭૦૦ બાપુની ભેંશને ડોબી નો કે'વાય!

૩૭૦૧ બાપે માર્યા વેર

૩૭૦૨ બાફી ખાવું

૩૭૦૩ બાફી મારવું

૩૭૦૪ બાબરોભૂત

૩૭૦૫ બાર કોળાં ને તેર લાગા

૩૭૦૬ બાર ગાઉએ બોલી બદલે, તરુવર બદલે શાખા
જતે દહાડે કેશ બદલે, લખણ ના બદલે લાખા

૩૭૦૭ બાર બાપની વેજા

૩૭૦૮ બાર ભૈયા ને તેર ચોકા

૩૭૦૯ બાર વગાડી દેવા

૩૭૧૦ બાર વાગી જવા

૩૭૧૧ બાર વરસનો બેઠો છું ને!

૩૭૧૨ બાર વરસે બાવો બોલ્યો, જા બેટા દુકાળ પડશે

૩૭૧૩ બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી

૩૭૧૪ બારણું દોઢે ચડી જવું

૩૭૧૫ બારણે હાથી ઝૂલવા

૩૭૧૬ બારમું / તેરમું કરવું

૩૭૧૭ બારમો ચંદ્રમા હોવો

૩૭૧૮ બારે પહોર ને બત્રીસે ઘડી

૩૭૧૯ બારે બુદ્ધિ, સોળે સાન

૩૭૨૦ બારે ભાગોળ મોકળી

૩૭૨૧ બારે મેઘ ખાંગા થવા / સામટા વરસવા

૩૭૨૨ બારે વહાણ ડૂબી જવા

૩૭૨૩ બાળબ્રહ્મચારી

૩૭૨૪ બાળોતિયાનું બળેલ

૩૭૨૫ બાવડાના બળથી

૩૭૨૬ બાવળ વાવો તો કાંટા ઉગે અને આંબો વાવો તો કેરી મળે

૩૭૨૭ બાવા આદમના જમાનાનું

૩૭૨૮ બાવા બાર ને લાડવા ચાર

૩૭૨૯ બાવાના બેઉ બગડ્યા

૩૭૩૦ બાવો ઉઠ્યો બગલમાં હાથ

૩૭૩૧ બાવો થઈ જવું

૩૭૩૨ બાવો બેઠો જપે જે આવે તે ખપે

૩૭૩૩ બાંધછોડ કરવી

૩૭૩૪ બાંધી દડીનું

૩૭૩૫ બાંધી મુઠ્ઠી લાખની, ઉઘાડી વા ખાય

૩૭૩૬ બાંબુ મારવું

૩૭૩૭ બાંયો ચડાવવી

૩૭૩૮ બિલાડી આડી ઊતરવી

૩૭૩૯ બિલાડીના કીધે શીંકુ ન ટૂટે

૩૭૪૦ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળવું

૩૭૪૧ બિલાડીના પેટમાં ખીર ટકે તો બૈરાંના પેટમાં વાત ટકે

૩૭૪૨ બિલાડીની ડોકે ઘંટ બાંધે કોણ?

૩૭૪૩ બિલાડીનું બચ્ચું સાત ઘેર ફરે

૩૭૪૪ બિલાડીને દૂધ ભળાવો તો પછી શું થાય?

૩૭૪૫ બિલાડીને રમત થાય ને ઉંદરનો જીવ જાય

૩૭૪૬ બિસ્તરા પોટલાં બાંધવા

૩૭૪૭ બિંદુમાં સિંદુ

૩૭૪૮ બીકણ બિલાડી

૩૭૪૯ બીજાના ખંભે બંદૂક રાખીને ફોડવી

૩૭૫૦ બીજાની ચિતા પર પોતાની ભાખરી શેકી લેવી

૩૭૫૧ બીજે જઈને છેતરાશો નહિ (અમે શું ખોટાં છીએ?!)

૩૭૫૨ બીડું ઝડપવું

૩૭૫૩ બુકડો ભરવો / મારવો

૩૭૫૪ બુચકારો કરવો

૩૭૫૫ બુદ્ધિ આગળ બળ પાણી ભરે

૩૭૫૬ બુદ્ધિ કોના બાપની?

૩૭૫૭ બુદ્ધિ ફરી ગઈ છે / બહેર મારી ગઈ છે

૩૭૫૮ બુદ્ધિનો બારદાન / બેલ

૩૭૫૯ બૂકડા ભરવા

૩૭૬૦ બૂચ મારી દેવું

૩૭૬૧ બૂઝાતો દીપક વધુ તેજ આપે

૩૭૬૨ બૂધે વળાવી બેટી, બાપને ફરી કદી ના ભેટી

૩૭૬૩ બૂસટ મારવી

૩૭૬૪ બૂંધ બેસવી / બૂંધિયાળ માણસ

૩૭૬૫ બે આંખની શરમ નડે છે

૩૭૬૬ બે આંગળનું છેટું રહી જવું

૩૭૬૭ બે કાન વચ્ચે માથું કરવું

૩૭૬૮ બે ઘરનો પરોણો ભૂખે મરે

૩૭૬૯ બે ઘોડે સવારી કરવી

૩૭૭૦ બે ચાર દિવસનો મહેમાન હોવું

૩૭૭૧ બે છેડા ભેગા કરવા

૩૭૭૨ બે પાડા લડે તેમાં ઝાડનો ખો નીકળે

૩૭૭૩ બે પાંદડે થવું

૩૭૭૪ બે બદામનો માણસ

૩૭૭૫ બે બાજુની ઢોલકી વગાડવી

૩૭૭૬ બે બિલાડીની લડાઈમાં વાંદરો ફાવે

૩૭૭૭ બે મોઢાની વાત કરવી

૩૭૭૮ બે મોઢાનો માણસ

૩૭૭૯ બે વેંત ચડે એવું

૩૭૮૦ બે હાથ વગર તાળી ન પડે

૩૭૮૧ બેઉ બાજુ ઢોલકી વગાડવી

૩૭૮૨ બેઉ હાથમાં લાડવા

૩૭૮૩ બેચરાઈ જવું

૩૭૮૪ બેઠા ઘાટનું

૩૭૮૫ બેઠા થવું

૩૭૮૬ બેઠા બેઠા ખાધે કુબેરના ભંડાર પણ ખાલી થઈ જાય

૩૭૮૭ બેઠાડુ સ્વભાવ

૩૭૮૮ બેઠાથી બેગારી ભલી

૩૭૮૯ બેડો પાર થઈ જવો

૩૭૯૦ બેતાળા આવવા

૩૭૯૧ બેબાકળા થઈ જવું

૩૭૯૨ બેવકૂફનો સરદાર

૩૭૯૩ બેવડો

૩૭૯૪ બેસણાંમાં જવું / બેસણું રાખવું

૩૭૯૫ બેસવા જવું

૩૭૯૬ બેસીએ જો જોઈ, તો ઉઠાડે ના કોઈ

૩૭૯૭ બૈરાંની બુદ્ધિ પગની પાનીએ

૩૭૯૮ બોકડો બનાવવો / વધેરવો

૩૭૯૯ બોકાસા નાખવા / પાડવા

૩૮૦૦ બોઘડ / બોઘો / બોચિયો / બોથડ

૩૮૦૧ બોચી ઝાલવી / પકડવી

૩૮૦૨ બોડી-બામણીનું ખેતર

૩૮૦૩ બોણી કરાવવી / બોણીનો ટાઈમ છે

૩૮૦૪ બોબડી / બોલતી બંધ થઈ જવી

૩૮૦૫ બોર આપી કલ્લી કઢાવી લેવી

૩૮૦૬ બોર બોર આંસુડા પાડવા

૩૮૦૭ બોલબાલા થઈ જવી

૩૮૦૮ બોલ્યું ચાલ્યું માફ કરજો (નહિતો થાય તે કરી લેજો!)

૩૮૦૯ બોલી બગાડવું

૩૮૧૦ બોલીને ફરી જવું

૩૮૧૧ બોલે તેના બોર વેંચાય

૩૮૧૨ બોળી મારવું

# ભ

૩૮૧૩ ભગવા પહેરવા

૩૮૧૪ ભગવાન જે કંઈ કરે તે સારા માટે

૩૮૧૫ ભગવાન તો ભાવનો ભૂખ્યો છે

૩૮૧૬ ભગવાનના ઘરનું તેડું આવવું

૩૮૧૭ ભગવાનના ઘરનો માણસ

૩૮૧૮ ભગાના ભાઈ જેવું કામ કરવું

૩૮૧૯ ભગીરથ મહેનત

૩૮૨૦ ભગો કરવો

૩૮૨૧ ભગો થઈ જવો

૩૮૨૨ ભટ્ટ-બ્રાહ્મણનું લાકડું વણપેસાડ્યું પેસે
રસ્તે સામું મળે તો ઘેર આવીને બેસે

૩૮૨૩ ભડ થાજે

૩૮૨૪ ભડ ભડ કરતી આગ ભભૂકી ઊઠી

૩૮૨૫ ભડ માણસ

૩૮૨૬ ભડક પેસી જવી

૩૮૨૭ ભડકવું / ભડકી જવું

૩૮૨૮ ભડકે બળવું

૩૮૨૯ ભડકો કરવો / થવો / સળગાવવો

૩૮૩૦ ભડનો દીકરો

૩૮૩૧ ભડભડિયો માણસ / સ્વભાવ

૩૮૩૨ ભડાકા કરવા / ભડાકે દેવું

૩૮૩૩ ભણકારા થવા / વાગવા

૩૮૩૪ ભણતર ચડવું

૩૮૩૫ ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય

૩૮૩૬ ભણ્યો પણ ગણ્યો નહિ

૩૮૩૭ ભણીગણીને ઊંધા પડી જવું / પોપટ થવું

૩૮૩૮ ભણેગણે તે નામું લખે, ન ભણે તે દીવો ધરે

૩૮૩૯ ભણેલો ભૂલે ત્યારે ભીંત ભૂલે

૩૮૪૦ ભફાંગ કરતાં પડી જવું

૩૮૪૧ ભભકો કરવો

૩૮૪૨ ભભૂકી ઊઠવું

૩૮૪૩ ભમ કરતું પડી જવું / ભમ થઈ જવું

૩૮૪૪ ભમરડો ચિતરવો / ફેરવવો

૩૮૪૫ ભમ્મર ચડાવવી

૩૮૪૬ ભમી જવું

૩૮૪૭ ભય વિના પ્રીતિ નહિ

૩૮૪૮ ભયો ભયો કરવું / થઈ જવું

૩૮૪૯ ભરખવું / ભરખાઈ જવું

૩૮૫૦ ભરડી મારવું

૩૮૫૧ ભરડો લેવો

૩૮૫૨ ભરણપોષણ કરવું

૩૮૫૩ ભરણું કરવું / ભરવું / ભરાવું

૩૮૫૪ ભરત કરવું / ભરવું / ભરતગૂંથણ

૩૮૫૫ ભરમ ખોલવો

૩૮૫૬ ભરમ ભાંગવો

૩૮૫૭ ભર્યા પેટે સાકર ખાટી લાગે

૩૮૫૮ ભરાઈ પડવું

૩૮૫૯ ભરાવો થવો

૩૮૬૦ ભરી પીવું

૩૮૬૧ ભરેલ પેટે ખાંડવી ખારી લાગે

૩૮૬૨ ભરેલું નાળિયેર

૩૮૬૩ ભરોસાની ભેંશ પાડો જણે

૩૮૬૪ ભલભલાનું.....

૩૮૬૫ ભલભલાને ભૂ પાઈ દેવું

૩૮૬૬ ભલમનશાઈ કરવી / રાખવી

૩૮૬૭ ભલાઈનો જમાનો રહ્યો નથી

૩૮૬૮ ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ

૩૮૬૯ ભલું હશે તો...

૩૮૭૦ ભલુંબૂરું સંભળાવવું

૩૮૭૧ ભવ બગાડવો / સુધારવો

૩૮૭૨ ભવન ફરી જવું

૩૮૭૩ ભવની ભાવટ ભાંગવી

૩૮૭૪ ભવસાગર તરી જવો

૩૮૭૫ ભવાડો કરવો

૩૮૭૬ ભવાં ચડી જવાં

૩૮૭૭ ભવોભવનો ઓશિંગણ

૩૮૭૮ ભસતો કૂતરો કરડે નહિ

૩૮૭૯ ભસી નાખવું / મારવું

૩૮૮૦ ભાઈ બાપા કરવા

૩૮૮૧ ભાઈ ભાગ પાડવા

૩૮૮૨ ભાખોડિયાં ભરવા / ભાખોડિયાભેર ચાલવું

૩૮૮૩ ભાગ લેવો / ભાગે પડતું

૩૮૮૪ ભાગતા ભૂતની ચોટલી ભલી

૩૮૮૫ ભાગતા ભોંય ભારે થઈ પડવી

૩૮૮૬ ભાગ્ય ઊઘડવું

૩૮૮૭ ભાગ્ય જાગવું

૩૮૮૮ ભાગ્ય ફરવું

૩૮૮૯ ભાગ્ય ફૂટવું

૩૮૯૦ ભાગ્યનો સિતારો ચમકવો

૩૮૯૧ ભાગ્યશાળીને ભૂત રળે

૩૮૯૨ ભાજી મૂળાના ભાવે

૩૮૯૩ ભાજીખાઉ

૩૮૯૪ ભાજીમૂળાની જેમ ગણવું

૩૮૯૫ ભાઠાં ખાવાં / દેવા / મારવા

૩૮૯૬ ભાઠે ભરાવું

૩૮૯૭ ભાડમાં જાય

૩૮૯૮ ભાડમાં પડે

૩૮૯૯ ભાડાનો ટટ્ટુ

૩૯૦૦ ભાણાં ખખડવા

૩૯૦૧ ભાણું સાચવવું / ભાણે ખપતું

૩૯૦૨ ભાણે આવ્યું તે જમવું ને કર્મે લખ્યું તે વેઠવું

૩૯૦૩ ભાત ઊઠવી / ઊપસવી / પડવી / પાડવી

૩૯૦૪ ભાતું / ભાથું આપવું / ખાવું / બંધાવવું / બાંધવું

૩૯૦૫ ભાદરવાની ભેંશ

૩૯૦૬ ભાદરવાનો ભીંડો

૩૯૦૭ ભાન કરાવવું

૩૯૦૮ ભાન થવું

૩૯૦૯ ભાનમાં આવવું

૩૯૧૦ ભાભો રહે ભારમાં તો વહુ રહે લાજમાં

૩૯૧૧ ભાર ઉતારવો

૩૯૧૨ ભાર દઈને / મૂકીને કહેવું

૩૯૧૩ ભાર વેંઢારવો

૩૯૧૪ ભારમાં રહેવું

૩૯૧૫ ભારાડી માણસ

૩૯૧૬ ભારે કરી

૩૯૧૭ ભારે થઈ

૩૯૧૮ ભારે પડી જવું

૩૯૧૯ ભાવ આપવો

૩૯૨૦ ભાવ ખાવો

૩૯૨૧ ભાવ ખેંચવો

૩૯૨૨ ભાવ તાલ કરવો

૩૯૨૩ ભાવ થવો

૩૯૨૪ ભાવ પુછાવો

૩૯૨૫ ભાવ ભજવવો

૩૯૨૬ ભાવટ ભાંગવી

૩૯૨૭ ભાવતું'તું ને વૈદે કહ્યું

૩૯૨૮ ભાવમાં ચીરી નાખવું

૩૯૨૯ ભાંગ ચડવી / ભાંગ પીને લવારો કરવો

૩૯૩૦ ભાંગરો વાટવો

૩૯૩૧ ભાંગરો વાટવો

૩૯૩૨ ભાંગ્યાનો ભેરુ

૩૯૩૩ ભાંગ્યું તો ય ભરુચ

૩૯૩૪ ભાંજગડ કરવી

૩૯૩૫ ભાંજગડ ચાલવા દેવી / થવા દેવી

૩૯૩૬ ભાંજગડમાં પડવું

૩૯૩૭ ભાંડો ફૂટી જવો / ફોડવો

૩૯૩૮ ભાંભરડા દેવા / નાખવા / ભાંભરવું

૩૯૩૯ ભીખના હાંલ્લા શીંકે ન ચડે

૩૯૪૦ ભીખને માથે ભઠ

૩૯૪૧ ભીડ ટાળવી

૩૯૪૨ ભીડ પડવી

૩૯૪૩ ભીડ ભાંગવી

૩૯૪૪ ભીડમાં આવી જવું

૩૯૪૫ ભીનું સંકેલવું / સંકેલી લેવું

૩૯૪૬ ભીને વાન

૩૯૪૭ ભીંડો મારવો

૩૯૪૮ ભીંત સાથે માથું પછાડવું

૩૯૪૯ ભીંતને પણ કાન હોય છે

૩૯૫૦ ભીંસમાં આવી જવું / લેવું

૩૯૫૧ ભુખાળવો / ભુખ્ખડ

૩૯૫૨ ભુરાયું થવું

૩૯૫૩ ભુલાવામાં પડવું

૩૯૫૪ ભુવો ધૂણે પણ નાળિયેર તો ઘર ભણી જ ફેંકે

૩૯૫૫ ભૂકા કાઢી નાખવા / બોલાવી દેવા

૩૯૫૬ ભૂકા નીકળી જવા

૩૯૫૭ ભૂકેભૂકા ઊડી જવા

૩૯૫૮ ભૂખ ઊઘડવી

૩૯૫૯ ભૂખ ઊડી જવી

૩૯૬૦ ભૂખ ગમે તેટલી લાગે પણ બે હાથે ન ખવાય

૩૯૬૧ ભૂખ જેવું દુ:ખ નહિ, ખાધા જેવું સુખ નહિ

૩૯૬૨ ભૂખ ટળવી

૩૯૬૩ ભૂખ ન જુએ કાંકરો, ઊંઘ ન જુએ સાથરો

૩૯૬૪ ભૂખ ભાંગવી

૩૯૬૫ ભૂખ મટવી

૩૯૬૬ ભૂખ મરી જવી

૩૯૬૭ ભૂખ લાગવી

૩૯૬૮ ભૂખ વિના ખાવું શું ને મન વિના ગાવું શું?

૩૯૬૯ ભૂખ વેઠવી

૩૯૭૦ ભૂખડીબારશ

૩૯૭૧ ભૂખના વડચકા

૩૯૭૨ ભૂખભેગા થવું

૩૯૭૩ ભૂખલો

૩૯૭૪ ભૂખ્ખડ

૩૯૭૫ ભૂખ્યો ડાંસ

૩૯૭૬ ભૂખે ચોડવાવું / મરવું / મારવું

૩૯૭૭ ભૂખે ભૂંડું ભાવે, ઊંઘ ઉકરડે આવે

૩૯૭૮ ભૂત ગયું ને પલીત આવ્યું

૩૯૭૯ ભૂત ભરાવું / ભરાવી દેવું

૩૯૮૦ ભૂત મરે ને પલિત જાગે

૩૯૮૧ ભૂત રડે ભેંકાર

૩૯૮૨ ભૂત વળગવું

૩૯૮૩ ભૂતનું ઠેકાણું - પીપળો

૩૯૮૪ ભૂતનું સ્થાનક પીપળો / ભૂતને પીપળો મળી રહે!

૩૯૮૫ ભૂતનો ભાઈ છે

૩૯૮૬ ભૂતોભાઈ પણ ઓળખતો નથી

૩૯૮૭ ભૂરકી છાંટવી / નાખવી

૩૯૮૮ ભૂલ તો ભગવાનનીય થાય

૩૯૮૯ ભૂલચૂક લેવીદેવી

૩૯૯૦ ભૂલથાપ ખવડાવવી / ખાઈ જવી

૩૯૯૧ ભૂલનો ભોગ બની જવું

૩૯૯૨ ભૂલમાં ને ભૂલમાં...

૩૯૯૩ ભૂલ્યા ત્યાંથી ફરી ગણો

૩૯૯૪ ભૂલું પડી જવું

૩૯૯૫ ભૂલેચૂકે

૩૯૯૬ ભૂસું ભરાવું

૩૯૯૭ ભૂંગળ વિનાની ભવાઈ

૩૯૯૮ ભૂંડાથી ભૂત ભાગે

૩૯૯૯ ભૂંડાને પણ સારો કહેવડાવે તેવો છે

૪૦૦૦ ભૂંડાબોલી ગાળ

૪૦૦૧ ભૂંડાં કામ તે ભાણકીનાં જ હોય

૪૦૦૨ ભૂંડું કરવું / બોલવું

૪૦૦૩ ભૂંડું ભૂખ જેવું

૪૦૦૪ ભૂંડું ભૂંડાનો ભાવ ભજવ્યા વિના રહે નહિ

૪૦૦૫ ભેખ લેવો

૪૦૦૬ ભેખડે ભરાવી દેવો

૪૦૦૭ ભેજાગેપ

૪૦૦૮ ભેજાનું દહીં કરવું

૪૦૦૯ ભેજાફોડી કરવી

૪૦૧૦ ભેજામાં ઉતરવું / ઊતારવું

૪૦૧૧ ભેજું ખલાસ થઈ જવું

૪૦૧૨ ભેજું ચસકી જવું

૪૦૧૩ ભેજું પાકી જવું

૪૦૧૪ ભેજું ફરી જવું

૪૦૧૫ ભેજું ફેરવવું

૪૦૧૬ ભેજું લડાવવું

૪૦૧૭ ભેર ખેંચવી / તાણવી

૪૦૧૮ ભેરવી દેવું

૪૦૧૯ ભેંકડો તાણવો

૪૦૨૦ ભેંશ આગળ ભાગવત વાંચવું

૪૦૨૧ ભેંશ ભાગોળે, છાશ છાગોળે અને ઘેર ધમાધમ

૪૦૨૨ ભેંશ, ભામણ ને ભાજી, ત્રણે ય પાણીથી રાજી

૪૦૨૩ ભેંશના શિંગડા ભેંશને ભારી

૪૦૨૪ ભેંશના શિંગડામાં માથું નાખવું

૪૦૨૫ ભોઈની પટલાઈ

૪૦૨૬ ભોગ આપવો

૪૦૨૭ ભોગ ચડાવવો

૪૦૨૮ ભોગ ધરવો

૪૦૨૯ ભોગ લાગવો

૪૦૩૦ ભોગ લાગ્યા મારા કે...

૪૦૩૧ ભોગ લેવો

૪૦૩૨ ભોગજોગે

૪૦૩૩ ભોપાળું કરવું

૪૦૩૪ ભોપાળું નીકળી જવું

૪૦૩૫ ભોપાળું બહાર પડવું

૪૦૩૬ ભોળો ભટાક

૪૦૩૭ ભોંઠપ લાગવી

૪૦૩૮ ભોંઠા પડી જવું

૪૦૩૯ ભોંડું બહાર કાઢવું

૪૦૪૦ ભોંય ખોતરવી

૪૦૪૧ ભોંય ભારે પડવી

૪૦૪૨ ભોંયભેગા થઈ જવું

૪૦૪૩ ભોંયભેગો કરી નાખવો

## મ

૪૦૪૪ મકરસંક્રાંતિ પુણ્યપર્વણી, ધરમની જે

૪૦૪૫ મખમલની મોજડી માથે ન પહેરાય

૪૦૪૬ મખ્ખીચૂસ

૪૦૪૭ મગ જે પાણીએ ચડતા હોય તે પાણીએ જ ચડાવાય

૪૦૪૮ મગજ ખાઈ જવું

૪૦૪૯ મગજ ઠેકાણે ન હોવું

૪૦૫૦ મગજ તપી જવું

૪૦૫૧ મગજ ફરી જવું

૪૦૫૨ મગજ બહેર મારી જવું

૪૦૫૩ મગજ ભમી જવું

૪૦૫૪ મગજના બારણાં ખોલવાં

૪૦૫૫ મગજનો ફાટેલો

૪૦૫૬ મગજમારી કરવી

૪૦૫૭ મગજમાં આવવું / ઊતરવું

૪૦૫૮ મગજમાં કીડો સળવળવો

૪૦૫૯ મગજમાં ગુમાન ભરાઈ જવુ

૪૦૬૦ મગજમાં પવન ભરાઈ જવો

૪૦૬૧ મગજમાં ફાંકો રાખીને ફરવું

૪૦૬૨ મગજમાં ભૂત ભરાઈ જવું

૪૦૬૩ મગજમાં રાઈ ચડી જવી

૪૦૬૪ મગનું નામ મરી ન પાડે

૪૦૬૫ મગને ભાવે મરી મળવા

૪૦૬૬ મગરનાં આંસુ સારવા

૪૦૬૭ મઘમઘાટ થઈ જવો

૪૦૬૮ મચક ન આપવી

૪૦૬૯ મજરે આપવું

૪૦૭૦ મજા ઉડાવવી

૪૦૭૧ મજા કરવી

૪૦૭૨ મજા ચખાડવી

૪૦૭૩ મજા પડવી

૪૦૭૪ મજા માણવી

૪૦૭૫ મજા મારવી

૪૦૭૬ મજા લૂંટવી

૪૦૭૭ મજા લેવી

૪૦૭૮ મડાગાંઠ પડવી

૪૦૭૯ મણ મણની ચોપડાવવી

૪૦૮૦ મણનું માથું ભલે જાય પણ નવટાંકનું નાક ન જાય

૪૦૮૧ મતલબ કાઢી લેવી / મતલબનો યાર

૪૦૮૨ મત્તું મારવું

૪૦૮૩ મતિ ફરવી

૪૦૮૪ મતિ બગડવી

૪૦૮૫ મતિ મારી જવી

૪૦૮૬ મતિ મૂંઝાઈ જવી

૪૦૮૭ મતિ સૂઝવી

૪૦૮૮ મતિભ્રમ થવો

૪૦૮૯ મથરાવટી મેલી હોવી

૪૦૯૦ મથાળું બાંધવું

૪૦૯૧ મદ ઊતરવો

૪૦૯૨ મધલાળ આપવી

૪૦૯૩ મધલાળ ચટાડવી

૪૦૯૪ મધલાળ દેખાડવી

૪૦૯૫ મધલાળ પાથરવી

૪૦૯૬ મન ઉપર લેવું

૪૦૯૭ મન ઊઠી જવું

૪૦૯૮ મન ઊતરી જવું

૪૦૯૯ મન ઊંચું થઈ જવું

૪૧૦૦ મન કોચવાવું

૪૧૦૧ મન ખાટું થઈ જવું

૪૧૦૨ મન ખોલવું

૪૧૦૩ મન ચકડોળે / ચકાવે ચડવું

૪૧૦૪ મન ચોટવું

૪૧૦૫ મન ચોરવું

૪૧૦૬ મન જાણે પાપ ને મા જાણે બાપ

૪૧૦૭ મન ઠરવું

૪૧૦૮ મન ઢચુપચું થઈ જવું

૪૧૦૯ મન દઈને કામ કરવું

૪૧૧૦ મન પરોવવું

૪૧૧૧ મન પીગળવું

૪૧૧૨ મન ફરવું

૪૧૧૩ મન બાળવું

૪૧૧૪ મન ભારે થઈ જવું

૪૧૧૫ મન ભાંગી જવું

૪૧૧૬ મન ભાંગે કવેણ

૪૧૧૭ મન મનાવવું

૪૧૧૮ મન મળી જવું

૪૧૧૯ મન માનવું જોઈએ ને?

૪૧૨૦ મન મારીને બેસી રહેવું

૪૧૨૧ મન મૂકીને નાચવું-ગાવું

૪૧૨૨ મન મૂંઝાવું

૪૧૨૩ મન મેળ થઈ જવો / હોવો

૪૧૨૪ મન મોકળું કરી રડી લેવું

૪૧૨૫ મન મોટું કરવું

૪૧૨૬ મન મોટું રાખવું

૪૧૨૭ મન મોળું પડી જવું

૪૧૨૮ મન રોકવું

૪૧૨૯ મન લલચાવું

૪૧૩૦ મન લાગવું

૪૧૩૧ મન વાળી લેવું

૪૧૩૨ મન વિનાનું મળવું અને હેત વિનાનું હળવું નકામું

૪૧૩૩ મન હળવું કરવું / થવું

૪૧૩૪ મન હોય તો માળવે જવાય

૪૧૩૫ મન, મોતી ને કાચ, ભાંગ્યા સંધાય નહિ

૪૧૩૬ મનથી ઊતરી જવું

૪૧૩૭ મનના ઘોડા દોડાવવા

૪૧૩૮ મનની મનમાં રહી ગઈ

૪૧૩૯ મનનું પોચું

૪૧૪૦ મનનું મેલું

૪૧૪૧ મનને મારવું

૪૧૪૨ મનનો ઊકળાટ ઠાલવવો

૪૧૪૩ મનનો ઊભરો કાઢવો

૪૧૪૪ મનનો માનેલો

૪૧૪૫ મનનો મેલો

૪૧૪૬ મનફેર

૪૧૪૭ મનમાં આણવું

૪૧૪૮ મનમાં આવે તેમ બોલી નાખવું

૪૧૪૯ મનમાં કડવાશ ઊભી થવી

૪૧૫૦ મનમાં કંઈ રાખશો નહિ

૪૧૫૧ મનમાં ખાંડ ખાય છે

૪૧૫૨ મનમાં ગલગલિયાં થાય એવું

૪૧૫૩ મનમાં ગાંઠ વાળવી

૪૧૫૪ મનમાં ઘા ખાઈ જવો

૪૧૫૫ મનમાં ઘોળાયા કરવું

૪૧૫૬ મનમાં ચચરવું

૪૧૫૭ મનમાં ચાટી ગઈ

૪૧૫૮ મનમાં ડંખ રહી જવો

૪૧૫૯ મનમાં ન લાવવું

૪૧૬૦ મનમાં પરણવું ને મનમાં રાંડવું

૪૧૬૧ મનમાં ભાવે, મૂંડી હલાવે

૪૧૬૨ મનમાં રાખવું / સમસમી જવું

૪૧૬૩ મનમોજી

૪૧૬૪ મનુષ્ય યત્ન, ઈશ્વર કૃપા

૪૧૬૫ મને કાંઈ પડી નથી

૪૧૬૬ મફતના મરી તીખાં ન લાગે

૪૧૬૭ મફતનું ખાવું ને મસિદે સૂવું

૪૧૬૮ મમત પર ચડી જવું

૪૧૬૯ મમત મૂકી દેવી

૪૧૭૦ મમમમથી / રોટલાથી કામ છે કે ટપટપથી?

૪૧૭૧ મમરો મૂકવો

૪૧૭૨ મરકમરક હસવું

૪૧૭૩ મરચાં લાગવા

૪૧૭૪ મરચાં લેવાં

૪૧૭૫ મરચાં વાટવાં

૪૧૭૬ મરચું મીઠું ભભરાવીને વાત કરવી

૪૧૭૭ મરજાદ પાળવી / રાખવી

૪૧૭૮ મરતાને મર ન કહે એવો

૪૧૭૯ મરતાંને સૌ મારે

૪૧૮૦ મરતો ગયો ને મારતો ગયો

૪૧૮૧ મરદની મૈયતમાં જવાય પણ નામર્દની જાનમાં ન જવાય

૪૧૮૨ મરદનો ઘા

૪૧૮૩ મરદનો બોલ

૪૧૮૪ મરવાના વાંકે જીવતું / મરિયલ ટટ્ટુ

૪૧૮૫ મર્મ પામવો

૪૧૮૬ મરી પડવું

૪૧૮૭ મરી ફીટવું

૪૧૮૮ મરી મસાલો છાંટવા / ભભરાવવો

૪૧૮૯ મરે મારો રોયો પીટ્યો

૪૧૯૦ મરો થઈ જવો

૪૧૯૧ મરો યા મારો

૪૧૯૨ મલાઈ ખાઈ જવી

૪૧૯૩ મલાજો પાળવો / રાખવો

૪૧૯૪ મલાવી મલાવીને વાત કરવી

૪૧૯૫ મલીદો હજમ કરી જવો

૪૧૯૬ મળી જવું

૪૧૯૭ મળે તો ઈદ, ન મળે તો રોજા

૪૧૯૮ મસકો મારવો

૪૧૯૯ મસ્કાબાજી

૪૨૦૦ મસાણમાંથી મડાં બેઠા કરવાં

૪૨૦૧ મસીદમાં ગયું'તું જ કોણ?

૪૨૦૨ મહાજન મા-બાપ છે પણ મારી ખીલી નહિ ખસે

૪૨૦૩ મહાત કરવું

૪૨૦૪ મહાદેવના ગુણ પૂજારી/પોઠીયો જાણે

૪૨૦૫ મહાભારત કરવું / કામ હાથ પર લેવું

૪૨૦૬ મહાભારત મંડાવું / સર્જાવું

૪૨૦૭ મહારાજ જમશો? તો કહે જમીશું ને સીધું પણ લેશું

૪૨૦૮ મહિના રહેવા / ચડવા

૪૨૦૯ મહેણું ઉતારવું

૪૨૧૦ મહેણું મારવું / ભાંગવું

૪૨૧૧ મહેતો મારે ય નહિ ને ભણાવે ય નહિ

૪૨૧૨ મહોર મારવી / લગાવવી

૪૨૧૩ મંકોડી પહેલવાન

૪૨૧૪ મંગાળે મશ ન વળવા દેવી

૪૨૧૫ મંછા ભૂત ને શંકા ડાકણ

૪૨૧૬ મંજીરા વગાડવા

૪૨૧૭ મંડી પડવું

૪૨૧૮ મા કરતાં માસી વહાલી લાગે

૪૨૧૯ મા તે મા, બીજા બધા વગડાના વા

૪૨૨૦ મા તેવી દીકરી, ઘડો તેવી ઠીકરી

૪૨૨૧ મા મને કોઠીમાંથી કાઢ

૪૨૨૨ મા મૂળો ને બાપ ગાજર

૪૨૨૩ માખણ ચોપડવું / લગાવવું

૪૨૨૪ માખણ લગાવવું

૪૨૨૫ માખી મારવી

૪૨૨૬ માખીના ટાંગા જેટલું

૪૨૨૭ માગવું ને મરવું બરાબર લેખાય

૪૨૨૮ માગ્યા મુક્તાફળ મળે પણ ભીખને માથે ભઠ્ઠ

૪૨૨૯ માગ્યા મેહ વરસવા

૪૨૩૦ માગ્યા વિના મા પણ ન પીરસે

૪૨૩૧ માગ્યાં મોત મળતા નથી

૪૨૩૨ માગી અક્કલ ને દીધી શિખામણ લાંબી ન ચાલે

૪૨૩૩ માગીતાગીને કામ રોડવવું

૪૨૩૪ માગુ કરવું

૪૨૩૫ માગું દીકરીનું હોય - માગું વહુનું ન હોય

૪૨૩૬ માઝા મૂકવી

૪૨૩૭ માટી થાજે

૪૨૩૮ માટીપગા થવું

૪૨૩૯ માઠું લગાડવું / લાગવું

૪૨૪૦ માણસ જોઈને વાત કરાય

૪૨૪૧ માણસ ધારે કૈંક ને ઈશ્વર કરે કૈંક

૪૨૪૨ માણસ માત્ર ભૂલને પાત્ર

૪૨૪૩ માણસ વહાલો નથી, માણસનું કામ વહાલું છે

૪૨૪૪ માણસને નહિ, તેની ખુરસીને માન છે.

૪૨૪૫ માણસાઈ રાખવી

૪૨૪૬ માતાજી આવવા

૪૨૪૭ માતેલો સાંઢ

૪૨૪૮ માથા કરતા પાઘડી મોટી

૪૨૪૯ માથા પરના વાળ ખરી જાય તેવી ગાળ

૪૨૫૦ માથા માથે માથું ન રહેવું

૪૨૫૧ માથાકૂટ કરવી /માં પડવું

૪૨૫૨ માથાના થવું

૪૨૫૩ માથાનું મળી જવું

૪૨૫૪ માથાનો ઘા

૪૨૫૫ માથાનો દુ:ખાવો

૪૨૫૬ માથાનો ફરેલ

૪૨૫૭ માથાફોડ કરવી

૪૨૫૮ માથાબોળ નાહવું

૪૨૫૯ માથાભારે માણસ

૪૨૬૦ માથામાં પવન ભરાવો / ભૂત / ભૂસું ભરાઈ જવું

૪૨૬૧ માથામાં મારવું

૪૨૬૨ માથામાંથી ખોડો કાઢવો

૪૨૬૩ માથું ઊંચકવું

૪૨૬૪ માથું ઊંચું કરવું / ઊંચું રાખીને ફરવું

૪૨૬૫ માથું કાપીને પાઘડી બંધાવવી

૪૨૬૬ માથું કૂટવું / પટકવું

૪૨૬૭ માથું ખલાસ થઈ જવું

૪૨૬૮ માથું ખંજવાળવું

૪૨૬૯ માથું ખાવું

૪૨૭૦ માથું ધુણાવવું

૪૨૭૧ માથું નીચું થઈ જવું

૪૨૭૨ માથું પડે ને ધડ લડે

૪૨૭૩ માથું પાકી જવું

૪૨૭૪ માથું ફરવું / ફેરવવું

૪૨૭૫ માથું ફાટી જવું

૪૨૭૬ માથું ફેરવવું

૪૨૭૭ માથું ભમી જવું

૪૨૭૮ માથું ભાંગે એવું

૪૨૭૯ માથું મારવું

૪૨૮૦ માથે ચડાવવું

૪૨૮૧ માથે ચડી બેસવું

૪૨૮૨ માથે ચાર હાથ હોવા

૪૨૮૩ માથે ચોફાળ ઓઢીને રોવું

૪૨૮૪ માથે છાણાં થાપવા

૪૨૮૫ માથે દુ:ખનાં ઝાડ ઉગવાં

૪૨૮૬ માથે નાખવું / મારવું

૪૨૮૭ માથે પડવું

૪૨૮૮ માથે પડે એટલે એની મેળે બધું આવડે

૪૨૮૯ માથે પડેલા મફતલાલ

૪૨૯૦ માથે માછલાં ધોવાં

૪૨૯૧ માથે મારવું

૪૨૯૨ માથે મોત ભમવું

૪૨૯૩ માથે રહીને કામ કરાવવું

૪૨૯૪ માથે રહીને મરાવે એવો

૪૨૯૫ માથે લટકતી તલવાર હોવી

૪૨૯૬ માથે લેવું

૪૨૯૭ માથે હાથ દઈને રડવું

૪૨૯૮ માથે હાથ દેવો

૪૨૯૯ માથે હાથ મૂકવો

૪૩૦૦ માથે હાથ રાખવો

૪૩૦૧ માન મરતબો સાચવવા

૪૩૦૨ માનતા માનવી

૪૩૦૩ માનભંગ થવું

૪૩૦૪ માનમાં રહેવું

૪૩૦૫ માના પેટમાં શીખીને કોઈ અવતરતું નથી

૪૩૦૬ માના પેટમાંય સખણો નહિ રહ્યો હોય

૪૩૦૭ માને બાપની બૈરી ન કહેવાય

૪૩૦૮ માનો તો દેવ નહિ તો પથ્થર

૪૩૦૯ માપમાં રહેવું

૪૩૧૦ માફક આવવું

૪૩૧૧ મામલો રફે-દફે કરી નાખવો

૪૩૧૨ મામા બનાવવા

૪૩૧૩ મામા માસીનાનું કામ પહેલું થાય

૪૩૧૪ મામો રોજ / દર વખતે લાડવો ન આપે

૪૩૧૫ માર બૂધું ને કર સીધું

૪૩૧૬ માર માર કરતાં આવવું / ભાગવું

૪૩૧૭ માર મોર તોબા પોકારવી

૪૩૧૮ મારકણી નજર

૪૩૧૯ મારગ કાઢવો

૪૩૨૦ મારવો તો મીર ને ખાવી તો ખીર

૪૩૨૧ મારા છગન-મગન બે સોનાના, ગામનાં છોકરાં ગારાના

૪૩૨૨ મારા દરવાજા હંમેશ માટે ખુલ્લા છે

૪૩૨૩ મારા હાથ લાંબા છે

૪૩૨૪ મારા હાથની વાત નથી

૪૩૨૫ મારી ખાવું

૪૩૨૬ મારી બલા જાણે

૪૩૨૭ મારી મચડીને

૪૩૨૮ મારીને મુસલમાન કરવો

૪૩૨૯ મારું કે મરું

૪૩૩૦ મારે તેની તલવાર

૪૩૩૧ મારે મોગલ ને ફુલાય પિંજારો

૪૩૩૨ માલ પચી જવો

૪૩૩૩ માલ ભલે લૂંટાણો, ભરતિયું તો મારી પાસે છે!

૪૩૩૪ માલ વગરનો

૪૩૩૫ માલમલીદા ઉડાવવા

૪૩૩૬ માલામાલ થઈ જવું

૪૩૩૭ માવડિયો

૪૩૩૮ માશીબાનું રાજ નથી

૪૩૩૯ માહોલ ખડો થવો / જામવો

૪૩૪૦ માંકડને મોં આવવું

૪૩૪૧ માંગ્યાથી મરવું ભલું

૪૩૪૨ માંગી ખાવું ને મસીદમાં સૂવું

૪૩૪૩ માંજરી આંખવાળાનો ભરોસો નહિ

૪૩૪૪ માંડવાળ કરવી / માંડી વાળવું

૪૩૪૫ માંડવો બાંધવા સૌ આવે પણ છોડવા કોઈ ન આવે

૪૩૪૬ માંડી વાળવું

૪૩૪૭ માંડી વાળેલ

૪૩૪૮ માંયલો મૂંઝાઈ જવો

૪૩૪૯ માંહેલા ગુણ મહાદેવજી જાણે

૪૩૫૦ મિચ્છામી દુક્કડમ

૪૩૫૧ મિજાજ કરવો

૪૩૫૨ મિજાજ ખસવો

૪૩૫૩ મિજાજ ખોવો

૪૩૫૪ મિજાજ ગુમાવવો

૪૩૫૫ મિજાજ જવો

૪૩૫૬ મિજાજ ઠેકાણે ન હોવો

૪૩૫૭ મિજાજ તો ખાંડી એકનો છે

૪૩૫૮ મિજાજ તો માધિયાની મા જેટલો છે

૪૩૫૯ મિજાજ ફાટવો

૪૩૬૦ મિજાજનું ઘોયું

૪૩૬૧ મિયાં ચોરે મૂઠે ને અલ્લા ચોરે ઊંટે

૪૩૬૨ મિયાં મહાદેવનો મેળ કેમ મળે?

૪૩૬૩ મિયાંની મીંદડી

૪૩૬૪ મિંયાની ભેંશને ડોબી ન કહેવાય!

૪૩૬૫ મીઠડાં લેવાં

૪૩૬૬ મીઠા ઝાડના મૂળ ન ખવાય

૪૩૬૭ મીઠા વિનાનું / મીઠાની તાણ

૪૩૬૮ મીઠી છૂરી

૪૩૬૯ મીઠી જીભ

૪૩૭૦ મીઠી નજર

૪૩૭૧ મીઠી મારવી / મીઠી લેવી

૪૩૭૨ મીઠું મરચું ભભરાવીને વાત કરવી

૪૩૭૩ મીણ કાઢવું / થઈ જવું

૪૩૭૪ મીણો ચડવો

૪૩૭૫ મીણો ભણવો

૪૩૭૬ મીન મેખ ન થવાં

૪૩૭૭ મીંડલો બાંધવો / લેવો

૪૩૭૮ મીંડું વળી જવું

૪૩૭૯ મીંઢો માણસ

૪૩૮૦ મુખત્યારનામું આપવું / કરી આપવું / લખી આપવું

૪૩૮૧ મુઠ્ઠી ઊંચેરો માનવી

૪૩૮૨ મુઠ્ઠી ગરમ કરવી

૪૩૮૩ મુઠ્ઠીઓ વાળીને નાસી જવું / ભાગવું

૪૩૮૪ મુઠ્ઠીફાટ / મુઠ્ઠીભર

૪૩૮૫ મુઠ્ઠીમાં રાખવું

૪૩૮૬ મુલતવી રાખવાના માઠા ફળ

૪૩૮૭ મુવા નહિ ને પાછા થયા

૪૩૮૮ મુવા ફાટી પડ્યા!

૪૩૮૯ મુવા મોર મોંકાણ

૪૩૯૦ મુવા સાટે જીવતું લે એવો

૪૩૯૧ મુશ્કેટાટ બાંધવું

૪૩૯૨ મુસાભાઈના વા ને પાણી

૪૩૯૩ મુંગોમંતર

૪૩૯૪ મુંડાના વાંદરાની જેમ રઝળવું

૪૩૯૫ મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી

૪૩૯૬ મુંબઈમાં રોટલો મળી રહે પણ ઓટલો ન મળે

૪૩૯૭ મૂઈ ભેંશના ડોળા મોટા

૪૩૯૮ મૂછ ઊંચી કરવી

૪૩૯૯ મૂછ ઊંચી રાખીને ફરવું

૪૪૦૦ મૂછ નીચી થઈ જવી

૪૪૦૧ મૂછ પર લીંબુ લટકાવીને ફરવું

૪૪૦૨ મૂછ મૂંડાવી નાખવી

૪૪૦૩ મૂછના મોવાળા તોડ્યે મડદાનું વજન ઓછું ન થાય

૪૪૦૪ મૂછમાં હસવું

૪૪૦૫ મૂછે તાવ / વળ આપવો

૪૪૦૬ મૂછે લીંબું લટકાવીને ફરવું

૪૪૦૭ મૂઠ ઉતારવી / મારવી

૪૪૦૮ મૂડી કરતાં વ્યાજ વધુ વહાલું હોય

૪૪૦૯ મૂરખ મિત્ર કરતાં દાનો દુશ્મન સારો

૪૪૧૦ મૂરખના ગાડાં ન ભરાય

૪૪૧૧ મૂરખની માથે શિંગડા ન ઉગે

૪૪૧૨ મૂળાના પતીકા જેવા રૂપિયા

૪૪૧૩ મૂળાના પાંદડે લીલાલહેર કરવી

૪૪૧૪ મૂળિયાં ઊખડી જવા / ઊંડાં હોવા

૪૪૧૫ મેખ મારવી

૪૪૧૬ મેણું મારવું

૪૪૧૭ મેથી મારવી

૪૪૧૮ મેથીપાક આપવો

૪૪૧૯ મેથીપાક ચખાડવો

૪૪૨૦ મેદાન મારવું / મેદાનમાં આવવું

૪૪૨૧ મેદાને ઊતરવું / પડવું

૪૪૨૨ મેલ કરવત મોચીના મોચી

૪૪૨૩ મેલી નજરે જોવું

૪૪૨૪ મેળ કરવો

૪૪૨૫ મેળ ખાવો / પડવો / બેસવો

૪૪૨૬ મેળ બેસાડવો

૪૪૨૭ મેળ મળવો / મેળવવો

૪૪૨૮ મેળવવું / મેળવણ નાખવું

૪૪૨૯ મેળો ભરવો

૪૪૩૦ મેંદી મૂકાવવી

૪૪૩૧ મોકાણ માંડવી

૪૪૩૨ મોકાણના સમાચાર આપવા / આવવા

૪૪૩૩ મોકાનો લાભ લેવો / મોકો જોઈને કામ કરવું

૪૪૩૪ મોકો ખોવો / ગુમાવવો / હાથથી જવા દેવો

૪૪૩૫ મોખરે કરવું / ધરવું

૪૪૩૬ મોખરો સાચવવો

૪૪૩૭ મોટપ દેખાડવી

૪૪૩૮ મોટપમાંથી બહાર ન આવવું

૪૪૩૯ મોટા ઊપાડે...

૪૪૪૦ મોટા કરે એ લીલા ને નાના કરે તે છિનાળું

૪૪૪૧ મોટા ગજાનો માણસ

૪૪૪૨ મોટા ગામતરે જવું

૪૪૪૩ મોટા ભા થવું

૪૪૪૪ મોટા મનનો માણસ

૪૪૪૫ મોટાઈ દેખાડવી

૪૪૪૬ મોટાના પગરખામાં પગ ઘાલવાનું રહેવા દે

૪૪૪૭ મોટાની પૂંઠે ભમીએ તો વગર મોતે મરીએ

૪૪૪૮ મોટાની સોડમાં ક્યારે ય ન ભરાવું

૪૪૪૯ મોટાની હોય મોટી વાત
આપે અડધો રોટલો ને દળાવે આખી રાત

૪૪૫૦ મોટી મોથ મારવી

૪૪૫૧ મોટું માથું

૪૪૫૨ મોટો વાઘ મારવો

૪૪૫૩ મોઢા ઉપર કાળી શાહી રેડાઈ જવી

૪૪૫૪ મોઢા પર ચોપડાવી દેવું

૪૪૫૫ મોઢા પર થૂંકવું

૪૪૫૬ મોઢા પર સવા મણનું તાળું મારવું

૪૪૫૭ મોઢા પરથી માખ ઊડતી નથી

૪૪૫૮ મોઢા મોઢ ચોડી દેવું

૪૪૫૯ મોઢા મોઢ સંભળાવવું

૪૪૬૦ મોઢા સુધી વાત આવી જવી

૪૪૬૧ મોઢાનો મોળો

૪૪૬૨ મોઢામાં આંગળી નાખીને બોલાવવું

૪૪૬૩ મોઢામાં જીભ ઘાલીને બેસવું

૪૪૬૪ મોઢામાં જીભ છે કે નહિ? મગ ભર્યા છે?

૪૪૬૫ મોઢામાં પાણી આવવું / છૂટવું

૪૪૬૬ મોઢામાંથી ફાટે તો ખબર પડે ને?

૪૪૬૭ મોઢું આવડુંક થઈ જવું / ઉતરી જવું

૪૪૬૮ મોઢું ઊઘડવું / ઊઘાડવું

૪૪૬૯ મોઢું કટાણું કરવું

૪૪૭૦ મોઢું કાળું કરવું / કાળું થઈ જવું

૪૪૭૧ મોઢું ચડાવવું / ચડાવીને ફરવું

૪૪૭૨ મોઢું છુપાવવું

૪૪૭૩ મોઢું જોઈને ચાંદલો કરાય

૪૪૭૪ મોઢું તોડી લેવું

૪૪૭૫ મોઢું ધોવા જવું

૪૪૭૬ મોઢું પડી જવું

૪૪૭૭ મોઢું પહોળું થઈ જવું

૪૪૭૮ મોઢું ફરી જવું

૪૪૭૯ મોઢું ફિક્કું પડી જવું

૪૪૮૦ મોઢું બગાડવું

૪૪૮૧ મોઢું બંધ કરવું

૪૪૮૨ મોઢું ભાંગી જવું

૪૪૮૩ મોઢું મચકોડવું

૪૪૮૪ મોઢું મીઠું કરાવવું

૪૪૮૫ મોઢું લટકાવીને ફરવું

૪૪૮૬ મોઢું લેવાઈ જવું

૪૪૮૭ મોઢું વકાસીને બેસી રહેવું

૪૪૮૮ મોઢું વાઘનું પણ છાતી શિયાળની

૪૪૮૯ મોઢું વાંકું કરવું

૪૪૯૦ મોઢું વીલું થઈ જવું

૪૪૯૧ મોઢું સંતાડતા ફરવું

૪૪૯૨ મોઢું સંભાળીને બોલવું

૪૪૯૩ મોઢું સિવાઈ જવું

૪૪૯૪ મોઢે ચડાવેલ

૪૪૯૫ મોઢે છે / થઈ જવું

૪૪૯૬ મોઢે તાળું દેવાઈ જવું

૪૪૯૭ મોઢે થઈ જવું

૪૪૯૮ મોઢે મેશ ચોપડવી

૪૪૯૯ મોઢેથી માખી ઉડાડવાની તાકાત નથી

૪૫૦૦ મોત બગડવું

૪૫૦૧ મોત બગાડવું

૪૫૦૨ મોત વહાલું કરવું

૪૫૦૩ મોતના મોંમાંથી પાછા ફરવું / મોતને હાથતાળી દેવી

૪૫૦૪ મોતને મૂરત ન હોય

૪૫૦૫ મોતનો મલાજો રાખવો

૪૫૦૫૬મોતિયા મરી જવા

૪૫૦૭ મોતીના દાણા જેવા અક્ષર

૪૫૦૮ મોતીના મેહ વરસવા

૪૫૦૯ મોતીયાં મરી જવા

૪૫૧૦ મોથ મારવી

૪૫૧૧ મોમાં જીભ ઘાલીને બેસવું

૪૫૧૨ મોરના ઈંડાને ચિતરવા ન પડે

૪૫૧૩ મોળાં પડી જવું

૪૫૧૪ મોસાળમાં જમણ અને મા પીરસનાર

૪૫૧૫ મોં ઊતરી જવું

૪૫૧૬ મોં કટાણું કરવું

૪૫૧૭ મોં કાળું કરવું

૪૫૧૮ મોં નાનું થઈ જવું

૪૫૧૯ મોં પર લોટ ઊડે છે

૪૫૨૦ મોં પહોળું કરવું

૪૫૨૧ મોં ભારમાં રાખવું

૪૫૨૨ મોં ભાંગી જવું

૪૫૨૩ મોં મચકોડવું

૪૫૨૪ મોં મચકોડવું, બગાડવું, ચડાવવું, ફૂલાવવું ઊતરી જવું

૪૫૨૫ મોં મરકમરક થવું

૪૫૨૬ મોં મલકાવવું

૪૫૨૭ મોં માથાના મેળ વિનાની વાત

૪૫૨૮ મોં લેવાઈ જવું

૪૫૨૯ મોં વીલું પડી જવું

૪૫૩૦ મોંએ ચડાવેલું

૪૫૩૧ મોંકાણ માંડવી

૪૫૩૨ મોંઘા થવું

૪૫૩૩ મોંબદલો આપવો / દેવો / લેવો

૪૫૩૪ મોંભેર પટકાવું

૪૫૩૫ મોંમાં આવેલો કોળિયો ઝૂંટવાઈ જવો

૪૫૩૬ મોંમાંથી લાળ ટપકવી

## ય-૨

૪૫૩૭ યથા રાજા તથા પ્રજા

૪૫૩૮ યા હોમ કરીને પડો ફત્તેહ છે આગે

૪૫૩૯ યાદવાસ્થળી જામવી

૪૫૪૦ યુક્તિ લડાવવી

૪૫૪૧ યેન કેન પ્રકારેણ

૪૫૪૨ યોગ ઊભો થવો / સાધવો

૪૫૪૩ યોગાનુયોગ

૪૫૪૪ રકઝક કરવી

૪૫૪૫ રકાસ થવો

૪૫૪૬ રખડતા રામ

૪૫૪૭ રખડાવવું / રખડી પડવું

૪૫૪૮ રખેને

૪૫૪૯ રગેરગ ઓળખવી / જાણવી

૪૫૫૦ રગ પકડવી / પકડાવી / હાથમાં આવવી

૪૫૫૧ રગડધગડ કામ ચાલવું

૪૫૫૨ રગડવું / રગડપટ્ટી કરવી / રગડો કરવો

૪૫૫૩ રગદોળવું / રગદોળાવું

૪૫૫૪ રગવું

૪૫૫૫ રગશિયું ગાડું

૪૫૫૬ રઘવાટ ઊપડવો / રઘવાયા થઈ જવું

૪૫૫૭ રઘવાયું કૂતરું

૪૫૫૮ રચ્યુંપચ્યું રહેવું

૪૫૫૯ રજનું ગજ કરવું

૪૫૬૦ રજવાડી કારભાર આમ જ ચાલે!

૪૫૬૧ રજવાડી ઠાઠમાઠ

૪૫૬૨ રજા આપી દેવી

૪૫૬૩ રજા માંગવી / લેવી

૪૫૬૪ રજેરજનો જાણકાર

૪૫૬૫ રડતી સુરત

૪૫૬૬ રડ્યુંખડ્યું કોક

૪૫૬૭ રડારોળ કરવી

૪૫૬૮ રઢ ઉપડવી / લાગવી / લેવી

૪૫૬૯ રણીધણી થઈને બેસવું

૪૫૭૦ રણે ચડવું

૪૫૭૧ રતન પાકવું

૪૫૭૨ રફુચક્કર થઈ જવું

૪૫૭૩ રફેદફે કરવું / થવું

૪૫૭૪ રમકાવવું

૪૫૭૫ રમઝટ કરવી / જમાવવી / જામવી / બોલાવવી

૪૫૭૬ રમત રમવી

૪૫૭૭ રમતવાતમાં

૪૫૭૮ રમતા રામ

૪૫૭૯ રમતું કરવું / મૂકવું / મેલવું

૪૫૮૦ રળી ખાવું

૪૫૮૧ રવાડે ચડી જવું / ચડાવી દેવું

૪૫૮૨ રવાના કરવું / થવું

૪૫૮૩ રસ આવવો

૪૫૮૪ રસ ઊડી જવો

૪૫૮૫ રસ કાઢવો / ચાખવો / પીવો / માણવો

૪૫૮૬ રસ ગળે ને કટકાં પડે તેવી વાત

૪૫૮૭ રસ ધરાવવો

૪૫૮૮ રસ પડવો

૪૫૮૯ રસ લેવો

૪૫૯૦ રસ હોવો

૪૫૯૧ રસનું ઘોયું

૪૫૯૨ રસ્તા પર આવી જવું / પર લાવવું

૪૫૯૩ રસ્તાની બોરડી સૌ કોઈ ઝૂડે

૪૫૯૪ રસ્તે ચડાવવું

૪૫૯૫ રસ્તે પડવું

૪૫૯૬ રસ્તો કરવો / કાઢવો

૪૫૯૭ રસ્તો માપવો

૪૫૯૮ રસાતળ જવું

૪૫૯૯ રહે તો આપથી અને જાય તો સગા બાપથી

૪૬૦૦ રંગ ગયા પણ ઢંગ ન ગયા

૪૬૦૧ રંગ ચડવો

૪૬૦૨ રંગ છે તને!

૪૬૦૩ રંગ જમાવવો / જામવો

૪૬૦૪ રંગ જોવો

૪૬૦૫ રંગ દેખાડવો

૪૬૦૬ રંગ બદલવો / બદલાઈ જવો

૪૬૦૭ રંગ રાખવો

૪૬૦૮ રંગ લાગવો

૪૬૦૯ રંગમાં આવી જવું / ભંગ પડવો

૪૬૧૦ રંગીન મિજાજના હોવું

૪૬૧૧ રંગે રંગાવું

૪૬૧૨ રંગેચંગે કામ પતી જવું

૪૬૧૩ રંગોળી કાઢવી / ચિતરવી / પૂરવી

૪૬૧૪ રંજાડવું

૪૬૧૫ રંદો / રંધો ફેરવવો / મારવો / લગાવવો

૪૬૧૬ રા. બ. (રાવ બહાદૂર)

૪૬૧૭ રા. રા. (રાજમાન રાજેશરી)

૪૬૧૮ રા. સા. ( રાવ સાહેબ)

૪૬૧૯ રાઈના ભાવ રાતે ગયા

૪૬૨૦ રાઈનો પહાડ કરવો

૪૬૨૧ રાખધૂળ

૪૬૨૨ રાગ આવવો / થવો

૪૬૨૩ રાગડાં તાણવાં

૪૬૨૪ રાગે ચડવું / પડવું / ભરાવું

૪૬૨૫ રાજ  કરવું

૪૬૨૬ રાજા, વાજા ને વાંદરા, ત્રણેય સરખા

૪૬૨૭ રાજાની માયા એટલે તાડની છાયા

૪૬૨૮ રાજાને ગમી તે રાણી, છાણા વીણતી આણી

૪૬૨૯ રાજાપાઠમાં આવી જવું

૪૬૩૦ રાજામાણસ

૪૬૩૧ રાજી રાજી / રાજીના રેડ થઈ જવું

૪૬૩૨ રાજીપો અનુભવવો

૪૬૩૩ રાડ ઊઠવી

૪૬૩૪ રાડ નાખવી

૪૬૩૫ રાડ પડાવવી

૪૬૩૬ રાડ પાડવી

૪૬૩૭ રાડ બોલાવવી

૪૬૩૮ રાડારાડી કરવી

૪૬૩૯ રાણાને કાણો કેમ કહેવાય?

૪૬૪૦ રાત કહો તો રાત અને દિવસ કહો તો દિવસ

૪૬૪૧ રાત ગઈ અને વાત ગઈ

૪૬૪૨ રાત તો આપણી છે

૪૬૪૩ રાત થોડી ને વેશ ઝાઝા

૪૬૪૪ રાત માથે લેવી

૪૬૪૫ રાતી રાયણ જેવું / રાતું ચોળ

૪૬૪૬ રાતુંપીળું થઈ જવું

૪૬૪૭ રાતે પાણીએ રોવાનો વખત

૪૬૪૮ રાન રાન ને પાન પાન થઈ જવું

૪૬૪૯ રાફડો ફાટ્યો છે

૪૬૫૦ રાબેતા મુજબ

૪૬૫૧ રામ બોલો ભાઈ રામ થઈ જવું / રામશરણ પહોંચવું

૪૬૫૨ રામ રમી જવા

૪૬૫૩ રામ રમી જવા / રમાડી દેવા

૪૬૫૪ રામ રાખે તેને કોણ ચાખે

૪૬૫૫ રામ રામ કરવા

૪૬૫૬ રામકહાણી થવી

૪૬૫૭ રામના નામે પથ્થર તરે

૪૬૫૮ રામનામ જપના પરાયા માલ અપના

૪૬૫૯ રામનું નામ લો, વાત પૂરી થઈ ગઈ

૪૬૬૦ રામનું રાજ

૪૬૬૧ રામનું સોણું ભરતને ફળ્યું

૪૬૬૨ રામને રળવું નહિ અને સીતાને દળવું નહિ

૪૬૬૩ રામબાણ ઈલાજ

૪૬૬૪ રામબાણ વાગ્યા હોય તે જાણે

૪૬૬૫ રામશરણ પહોંચવું

૪૬૬૬ રામાયણ કરવી

૪૬૬૭ રામાયણ માંડવી

૪૬૬૮ રાંકનું રતન

૪૬૬૯ રાંડ્યા પછીનું ડહાપણ

૪૬૭૦ રાંધવા ગયા કંસાર અને થઈ ગયું થૂલું

૪૬૭૧ રાંધ્યા ધાન રઝળી પડવા

૪૬૭૨ રિસ ચડવી / રિસે ભરાવું

૪૬૭૩ રિસામણાં મનામણાં કરવાં

૪૬૭૪ રિસાવું મનાવું

૪૬૭૫ રીડીયારમણ કરી મૂકવું

૪૬૭૬ રીંગણાં જોખવા

૪૬૭૭ રુઆબ કરવો / છાંટવો / દેખાડવો

૪૬૭૮ રુઆબ પડવો / રાખવો

૪૬૭૯ રૂખ કાઢવી

૪૬૮૦ રૂખ જોવી

૪૬૮૧ રૂઝ આવવી

૪૬૮૨ રૂડાં વાનાં થવાં

૪૬૮૩ રૂપ રૂપનો અંબાર

૪૬૮૪ રૂપે રૂડાં ને કરમના કૂડાં

૪૬૮૫ રૂંગું આવવું

૪૬૮૬ રૂંધામણ અનુભવવી

૪૬૮૭ રૂંવાડાં ઊભાં થવાં

૪૬૮૮ રૂંવાડું ન ફરકવું

૪૬૮૯ રૂંવેરૂંવાં ઊભા થઈ જવા

૪૬૯૦ રેચ આપવો

૪૬૯૧ રેચ લાગવો

૪૬૯૨ રેઢિયાળ ખાતું

૪૬૯૩ રેઢું પડવું / મૂકવું

૪૬૯૪ રેતી પીલે તેલ ન નીકળે

૪૬૯૫ રેતીમાં વહાણ ચલાવવું

૪૬૯૬ રેવડી ઉડાવવી / દાણાદાણ કરી નાખવી

૪૬૯૭ રેવડી દાણાદાણ થઈ જવી

૪૬૯૮ રેવડીવાળાનો ભાઈ ગંડેરીવાળો

૪૬૯૯ રેંજીપેંજીને હિસાબમાં કોણ લે

૪૭૦૦ રૈયત તો રાજા રામની પણ થઈ ન હતી

૪૭૦૧ રોકકળ કરવી

૪૭૦૨ રોકડું પરખાવવું

૪૭૦૩ રોકડો જવાબ આપવો

૪૭૦૪ રોકડો હિસાબ ગણી દેવો

૪૭૦૫ રોગ ને શત્રુ ઉગતાં જ ડામવા પડે

૪૭૦૬ રોજ ઊઠીને

૪૭૦૭ રોજ મરે એને કોણ રડે?

૪૭૦૮ રોજની રામાયણ

૪૭૦૯ રોટલા ભેગું થવું

૪૭૧૦ રોટલાથી કામ કે ટપટપથી

૪૭૧૧ રોટલે પહોળું / મોટું હોવું

૪૭૧૨ રોટલો અભડાવવો

૪૭૧૩ રોટલો કરી નાખવો

૪૭૧૪ રોટલો ટળી જવો

૪૭૧૫ રોટલો રળી ખાવો

૪૭૧૬ રોડવવું / રોડવી લેવું

૪૭૧૭ રોડાં નાખવા

૪૭૧૮ રોણું, જોણું અને વગોણું થાય એવું કામ કદી ન કરવું

૪૭૧૯ રોતલ માવડી

૪૭૨૦ રોતીસુરત / રોતીશકલ

૪૭૨૧ રોતો જાય તે મુવાની ખબર લાવે

૪૭૨૨ રોદણાં રડવા

૪૭૨૩ રોદણાં રોવાં

૪૭૨૪ રોફ ચલાવવો / છાંટવો / બેસાડવો / મારવો

૪૭૨૫ રોલાં લેવાં

૪૭૨૬ રોળીટોળી નાખવું

૪૭૨૭ રોશન કરવું

૪૭૨૮ રોષનો ભોગ બનવું

૪૭૨૯ રોંઢો કરવો

૪૭૩૦ રોંદા ખાવા / લેવડાવવા

## લ

૪૭૩૧ લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય

૪૭૩૨ લક્ષ્મી પધારવી

૪૭૩૩ લખચોરાશીનો ફેરો

૪૭૩૪ લખણ ઝળકાવવા

૪૭૩૫ લખણ ન બદલે લાખા

૪૭૩૬ લખણ લખેસરીનાં અને કરમ કોડીનાં

૪૭૩૭ લખલખું આવી જવું

૪૭૩૮ લખલૂંટ / જાલિમ ખર્ચા કરવા

૪૭૩૯ લખ્યા લલાટે લેખ ટાળ્યાં કદી ટળે નહિ

૪૭૪૦ લખાણું તે વંચાણું

૪૭૪૧ લખાપટ્ટી કરવી

૪૭૪૨ લખી આપવું / દેવું

૪૭૪૩ લખી રાખવું / લેવું

૪૭૪૪ લખેલું વંચાય

૪૭૪૫ લગન ઉકેલવા / માંડવા / લખવા / લેવાં

૪૭૪૬ લગનનાં ગીત લગન વખતે જ ગવાય

૪૭૪૭ લગને લગને કુંવારા લાલ

૪૭૪૮ લગ્ન એટલે લાકડાના લાડુ, ખાય તે પસ્તાય
અને ન ખાય તે પણ પસ્તાય

૪૭૪૯ લગામ ખેંચવી / છૂટી મૂકી દેવી

૪૭૫૦ લગામ પકડવી / હાથમાં રાખવી

૪૭૫૧ લચકો દાળ

૪૭૫૨ લચ્છો મારવો

૪૭૫૩ લટ કાતરવી / ગૂંથવી / બાંધવી / સમારવી / વાળવી

૪૭૫૪ લટક મટક / લટકાળી

૪૭૫૫ લટકતું મૂકવું / લટકાવી રાખવું

૪૭૫૬ લટકો, ચટકો ને મટકો

૪૭૫૭ લટ્ટુ બની જવું

૪૭૫૮ લટાર મારવી

૪૭૫૯ લટિયા-ઝંટિયા ઓળવાં, ઊડવાં, પકડવાં, પીંખવાં

૪૭૬૦ લટુડાપટુડા કરવાં

૪૭૬૧ લડ નહિ તો લડવાવાળો દે

૪૭૬૨ લડથડિયાં / લથડિયાં આવવાં / ખાવાં

૪૭૬૩ લડધો થયો તોય કાંઈ સમજતો નથી

૪૭૬૪ લઢણ પડવી

૪૭૬૫ લત પડવી / લાગવી

૪૭૬૬ લતાડ / લપડાક ખાવી / લાગવી / વાગવી

૪૭૬૭ લપ કરવી

૪૭૬૮ લપ વળગવી

૪૭૬૯ લપલપિયો કાચબો

૪૭૭૦ લપસી પડ્યો તો કહે નમસ્કાર કર્યા

૪૭૭૧ લપ્પનછપ્પન કરવી / રાખવી

૪૭૭૨ લપેટમાં આવવું / લેવું

૪૭૭૩ લપેટો મારવો / લેવો

૪૭૭૪ લપોડશંખ પાસે માગો લાખ તો કહે આપું સવા લાખ

૪૭૭૫ લફડામાં પડવું

૪૭૭૬ લફડું કરવું / વળગવું

૪૭૭૭ લફડેબાજ

૪૭૭૮ લબડતાં રહી જવું

૪૭૭૯ લબડધક્કે ચડાવવું / લેવું

૪૭૮૦ લબડી પડવું

૪૭૮૧ લબાચા ઉપાડવા / ઊઠાવવા / ફેરવવા

૪૭૮૨ લમણાંઝીક કરવી

૪૭૮૩ લમણે હાથ દઈ બેસવું

૪૭૮૪ લલ્લા પપ્પા કરવા

૪૭૮૫ લલ્લુ-પંજુ સમજવા

૪૭૮૬ લવકારા મારવા

૪૭૮૭ લવરી કરવી / એ ચડવું / લવારો કરવો

૪૭૮૮ લવિંગીયું મરચું છે

૪૭૮૯ લસણ ખાઈને લાગી પડવું

૪૭૯૦ લહાણી કરવી / વહેંચવી

૪૭૯૧ લહાવો લૂંટવો / લેવો

૪૭૯૨ લહેરી લાલો

૪૭૯૩ લંકા લૂંટવી / લૂંટાઈ જવી

૪૭૯૪ લંકાની લાડી ને ઘોઘાનો વર

૪૭૯૫ લંકામાં સોનું તો ઘણું હોય પણ આપણને એ શું કામનું?

૪૭૯૬ લંગર નાખવું

૪૭૯૭ લંગોટિયો દોસ્ત

૪૭૯૮ લંગોટીયો યાર

૪૭૯૯ લંપટવેડા કરવાં

૪૮૦૦ લાઈન લેવી

૪૮૦૧ લાઈનસર થવું

૪૮૦૨ લાઈને ચડવું

૪૮૦૩ લાકડા ભેગા થવું

૪૮૦૪ લાકડાના લાડુ, ખાય તે પસ્તાય ને ન ખાય તે પણ પસ્તાય

૪૮૦૫ લાકડાની તલવારથી કામ લેવું / લડવું

૪૮૦૬ લાકડાનો લાડુ

